# એન્જિનિયરિંગના અધ્યાપકો-છાત્રો માટે IIT ખાતે સમરકેમ્પ

## ચાર સપ્તાહ ચાલનારા કેમ્પની 6 જૂનથી શરૂઆત

**નવગુજરાત સમય** > અમદાવાદ

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા સમર વેકેશનનો યોગ્ય ઉપયોગ કરવા માટે અલગ પ્રકારના સમર કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં એન્જિનિયરિંગ ક્ષેત્રના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે અસરકારક શિક્ષણ ટેક્નિક શીખવતા સમર કેમ્પનું આયોજન કરાયું છે. ચાર અઠવાડિયાના આ સમર કેમ્પની શરૂઆત ૬ જૂનથી થશે. જેમાં વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગના શરૂઆતના ત્રણ વર્ષના અભ્યાસક્રમને સરળતાથી સમજવાની મેથડ અને ટેક્નિક્સ શીખવવામાં આવશે.

**વિશેષ**

**તાલીમ**

આ અંગે આઇઆઇટી ગાંધીનગરના એકેડેમિક્સના ડીન અમિત પ્રશાંતે જણાવ્યુ હતું કે, 'કોઇ પણ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં શરૂઆતના ત્રણ વર્ષનો મૂળભૂત અભ્યાસક્રમ શીખવવો એ જ સૌથી મોટો પડકાર હોય છે. તેથી ભવિષ્યમાં આ અભ્યાસક્રમમાં સફળતાથી આગળ વધવા માટે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધે તે જરૂરી છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને અમે સમર સ્કૂલનું આયોજન કર્યું છે.'

આ પ્રોગ્રામમાં ઇલેક્ટ્રોનિક મશીન્સ, કંટ્રોલ સિસ્ટમ્સ, જીયોટેક્નિકલ એન્જિનિયરિંગ લેબોરેટરી, સ્ટ્રક્ચરલ એનાલિસીસ, ફ્લૂઇડ મશીન્સ, ટ્રાન્સપોર્ટ ફિનોમેનન, ડેટા માઇનિંગ એન્ડ મશીન લર્નિંગ, એનાલોગ સીએમઓએસ ઇન્ટિગ્રેડ સર્કીટ્સ, સોઇલ મિકેનિક્સ એન્ડ ફાઉન્ડેશન એન્જિનિયરિંગ, વોટર રીસોર્સ એન્જિનિયરિંગ, થર્મોડાયનેમિક્સ, સિગ્નલ્સ એન્ડ સિસ્ટમ્સ, અલગોરીધમ્સ, પાવર ઇલેક્ટ્રોનિક્સ, પેરેલલ કમ્પ્યુટીંગ એન્ડ સેમી કંડક્ટર ડિવાઇસીસ જેવા ૧૯ વિષયો પર કોર્સીસ ડિઝાઇન કરાયા છે.